ગાંધીનગર સમાચાર

સે.૭માં કાટમાળ મચ્છરોની ઉત્પતિ માટે ફેવરેબલ પ્લેસ


# નગરમાં નિર્માણ પામતો અનોખો કેબલ સ્ટેડ બ્રિજ

## માસ્ટર માઈન્ડ ગણાંતા મિ આયનાએ ગુજરાતમાં અન્ય નર્મદાના બ્રિજની પણ ડીઝાઈન તૈયાર કરી છે : બ્રિજના કેબલ ચાઈનાથી આવ્યા છે : બ્રિજ નિર્માણ બાદ ૮૦ મીટરની ઉંચાઈએ વિન્ડ ટર્બાઈનમાં ચરખાની પ્રતિકૃતિ જોવા મળશે : બ્રિજના કામને અનુલક્ષી ખ-૪ થી ખ-૫ નો રસ્તો ડીસેમ્બર સુધી બંધ રહેશે

ગાંધીનગર તા ૭

મહાત્મા મંદિર અને દાંડી કુટીરને જોડવા હાલ કેબલ સ્ટેડ બ્રીજનુ કામ ચાલી રહયું છે. રૂપિયા ૩૦ કરોડના ખર્ચે બનતા આ વિશિષ્ટ બ્રીજની ડીઝાઈન અમેરિકાના નિષ્ણાંત એન્જીનિયર મિ આયનાએ તૈયાર કરી છે. ૮૦ મીટરની ઉંચાઈએ બનતા બ્રીજના કેબલ ચાઈનાથી મંગાવામાં આવ્યા છે. બ્રીજ નિર્માણના કામના અંતે ગાંધીજીના ચરખાની પ્રતિક સમા બે વિન્ડ ટર્બાઈન પણ આકર્ષણ જમાવશે. જયારે મહાત્મા મંદિરથી વી આઈ પી મહાનુભાવો ગોલ્ફ કાર મારફતે સીધા દાંડી કુટીર સુધી જઈ શકશે. હાલ ખ-૪ થી ખ-૫ વચ્ચેનો માર્ગ આ બ્રીજના કામને અનુલક્ષી બંધ કરી દેવાયો છે. હજુ ચાર મહીના આ કામના લીધે આ રસ્તો ખુલ્લો નહી કરવામાં આવે.





(તસવીર : દિપક જાની)

મહાત્મા મંદિરના પ્રાજેકટને અનુલક્ષી દાંડી કુટીર તેમજ મ્યુઝિયમનુ નિર્માણ કરવામાં આવ્યુ આવશે.શહેરમાં પ્રથમ બનતા આ બ્રીજની ડીઝાઈન અમેરિકાના નિષ્ણાંત ડીઝાઈનર મિ આયનાએ બનાવી છે. જેઓ હાલ થાઈલેન્ડ રહે છે. ગુજરાતમાં એલ એન્ડ ટી ના બ્રીજની ડીઝાઈન પણ તેમણે જ

### દાંડી કુટીરને જોડતા કેબલ સ્ટેડ બ્રિજની ડીઝાઈન અમેરીકાના એન્જીનિયરે બનાવી છે

છે. રૂપિયા ૨૬૦ કરોડના તોતિંગ ખર્ચે આ યોજનાને સાકાર કરવા બાકીનુ કામ હાલ પ્રગતિ હેઠળ છે. આ અન્વયે મહાત્મા મંદિર તેમજ દાંડી કુટીરને જોડવા ભવ્ય કેબલ સ્ટેડ બ્રીજનુ નિર્માણ કરવામાં આવી રહયુ છે. આ બ્રીજના નિર્માણ પાછળ રૂ.૩૦ કરોડનો ખર્ચ કરવામાં તૈયાર કરી છે. ખ માર્ગ પર ૮૦ મીટરની ઉંચાઈએ તૈયાર થતા બ્રીજના કેબલ ચાઈનાથી મંગાવાયા છે. વિશિષ્ટ પ્રકારના આ બ્રીજનુ કામ પુર્ણ થયા બાદ બે વિન્ડ ટર્બાઈન અસ્તિત્વમાં આવશે. જેના અંતે ઉંચાઈ પર ગાંધીજીના પ્રતિક સમાન

● અનુસંધાન પાન-૬ પર

# પ્રેમલગ્ન કરનારી દીકરી સામે પિતાના ક્રૂર અહંકારની સત્યઘટના

## દીકરી પાછી પોતાના ઘેર આવવા તૈયાર ન થતાં પિતાએ પિત્તો ગુમાવ્યો : દેખતા છતાં અંધ માતા-પિતા માટે આંખ ઉઘાડનારો કિસ્સો

સંતાન માટે માતા-પિતા અનેક દુઃખો વેઠતાં હોય છે, અનેક બાધા-આખડી રાખતાં હોય છે, અનેક ભોગ આપતાં હોય છે, પરંતુ તેમ છતાં ક્યારેક માતા-પિતા પોતાના અહંકારનો ભોગ આપી શકતાં નથી. માનવ ક્યારેક પોતાના અહં કે જૂઠી પ્રતિષ્ઠામાં એટલો અંધ બની જાય છે કે પોતાના સંતાનના સુખની સામે પોતાના અહંકારની દીવાલ ચણી દે છે. પરિણામે સંતાન ઉપરાંત સંતાનના પણ સંતાનના જીવ જોખમમાં મુકાઈ જાય છે, અને ત્યારે તે સંતાનો તો દુઃખી થાય જ છે, પણ સાથોસાથ એ અહંકારી પિતાના પશ્ચાત્તાપની વેદનાનો કોઈ પાર રહેતો નથી. ગાંધીનગર પાસે આવેલા અર્ધલશ્કરી કૅમ્પ અને તેની વસાહતમાં રહેતા એક પિતાને હાલમાં આ વેદનાનો અનુભવ થઈ રહ્યો છે. સામાજિક દ્રષ્ટિએ ઔચિત્યભંગને ટાળવા માટે આ સત્યઘટનામાં કોઈના નામનો ઉલ્લેખ કર્યો નથી. પરંતુ આ સત્યઘટના સમાજની આંખ ઉઘાડનારી બની રહે તેવી જણાતાં અહીં યથાતથ તેને નિરૂપી છે.

### પોલીસસ્ટેશનમાં જ પિતાએ ક્રોધમાં આવી સગર્ભા દીકરીના પેટ પર મુક્કો ફટકારી દીધો!

આમ તો એ લશ્કરી કર્મચારી એવો પિતા ચારેક મહિના પહેલાંની એક સાંજે ભારે ઉચાટભર્યા દિલથી પોતાની દીકરીની શોધ કરતો હતો. આખા કૅમ્પમાં અને વિસ્તારમાં બધે જ તેણે દીકરીની શોધખોળ કરી હતી. છેવટે નાછૂટકે ગાંધીનગરના પોલીસસ્ટેશનમાં જાણવાજોગ ફરિયાદ નોંધાવીને દીકરી ગુમ થયાની પોલીસને જાણ કરી.

બીજી તરફ, દીકરી પોતાના મનપસંદ યુવક સાથે પ્રેમલગ્ન કરીને હિંમતનગર પાસેના એક ગામમાં સ્થિર થઈ ગઈ હતી ને બંને જણા સુખેથી જીવન જીવી રહ્યાં હતાં. યુવક પણ હિંમતનગર પાસેના એક ગામનો જ રહેવાસી હતો અને ક્યાંક કોઈ સ્થળે બંનેની આંખો મળી જતાં એકમેકની નજીક આવ્યાં હતાં, ને દિલ મળતાં બંનેએ સાથે જીવતર જીવવાનાં સપનાં જોયાં

● અનુસંધાન પાન-૬ પર

# નગરના ચ-માર્ગ પર બગીચાની પેટર્ન મુજબ વૃક્ષોની વાવણી કરાશે

## રંગબેરંગી ફુલો નિખરે તેવા વૃક્ષો ઉછેરવામાં આવશે

ગાંધીનગર તા ૬

શહેરના ચ માર્ગ પર બગીચાની પેટર્ન મુજબ નવા વૃક્ષો ઉછેરવામાં આવશે. જેમાં ટીકોમાં ગરમાળો સહિતના વૃક્ષોની ટુંકમાં વાવણી કરવામાં આવશે. ચ માર્ગને હરિયાળી તેમજ રંગબંરંગી ફુલોથી સજાવવા માટે વન તંત્ર દ્વારા વિશેષરૂપે વૃક્ષોનું જતન કરવામાં આવશે. ગત મહિનામાં વરસાદી દિવસો દરમિયાન તોતિંગ અને તકલાદી વૃક્ષો ધરાશાયી થયા બાદ નવી પેટર્ન મુજબના વૃક્ષો ઉછેરવા અભિયાન હાથ ધરાશે.

ગાંધીનગરમાં ગત મહિના દરમિયાન વરસાદી વાયરો વૃક્ષો માટે ઘાતક બનતા નગરની હરિયાળીને વ્યાપક નુકશાન થયુ હતુ. જેમાં રોડ સાઈડના વૃક્ષો સહિત નગરજનોના ઘરઆંગણે પણ ઝાડ જમીનદોસ્ત થતા હાલ પણ ઘણાં ઠેકાણે વૃક્ષો નમેલી હાલતમાં જોવા મળે છે.જયારે હજુ ઘણી ખરી જગ્યાએથી વૃક્ષોને દુર કરવાની કામગીરી પણ પૂર્ણ થઈ નથી. શહેરમાં હરિયાળીને નુકશાન થતા નગરના પ્રકૃતિપ્રમીઓમાં પણ નારાજગી વ્યાપી છે. જયારે શહેરમાં ધરાશાયી થયેલા મોટાભાગના વૃક્ષો પેલ્ટો ફોરમ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જે તકલાદી હોવાથી ભારે પવનના સંજોગોમાં ટકી શકતા નથી. નગરના વિવિધ માર્ગોને

● અનુસંધાન પાન-૬ પર

# સે.૭માં કાટમાળ મચ્છરોની ઉત્પતિ માટે ફેવરેબલ પ્લેસ

ગાંધીનગર તા ૭

શહેરમાં નિકાલ હેઠળના મકાનોનો આખરે નિકાલ કરવામાં આવી રહયો છે. સેકટર- ૭ માં પણ પડવાના વાંકે ઉભેલા જોખમી મકાનો તોડી નંખાયા છે. સે-૧૩ સહિતના અન્ય સેકટરોમાં પણ નિકાલ હેઠળના મકાનો દુર કરવામાં આવી રહયા છે. પરંતુ આ જુના આવાસો તોડી નંખાયા બાદ તેનો કાટમાળ ઝડપથી ન ખસેડવામાં આવતા આ ઠેકાણે મચ્છર ઉત્પત્તિ સ્થાનો અસ્તિત્વમાં આવી રહયા છે.

### સેકટર- ૭ સહિતના વિસ્તારોમાં મકાનો તોડાયા બાદ કાટમાળનો ઢગ ખડકાયો છે

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ ચાલી રહયુ છે. જુના અને જોખમી બનેલા સરકારી મકાનો વર્ષોથી ખાલી હોવાના લીધે સફાઈના અભાવે મચ્છરો માટે ફેવરીટ પ્લેસ બની રહયા છે. જયારે મચ્છરોથી બચવા આવાસોના ધાબે સ્થિત પાણીની ટાંકી પણ તોડી નાંખવામાં આવી છે. ત્યારે નિકાલ હેઠળના મકાનોનો કાટમાળ પણ

● અનુસંધાન પાન-૬ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

રાજયભરમાં ચાલતા દારૂ-જુગારના અડ્ડાઓ પર

# કોંગ્રેસે કરેલી જનતા રેઈડની જાહેરાતથી પોલીસ હરકતમાં....!

## મહિલા કોંગ્રેસ દ્વારા ૯મીએ જનતા રેઈડ : ડીજીપીએ તમામ જિલ્લાના પોલીસ વડાને તકેદારી રાખવા સુચના આપવી પડી

ગાંધીનગર, તા.૭

ગુજરાત કોંગ્રેસ પ્રમુખ દ્વારા જાહેરાત કરવામાંઆવી છે કે ૯ ઓગષ્ટે રાજયભરમાં બેરોકટોક ચાલતા દારૂ-જુગારના અડ્ડાઓ પર મહિલા કોંગ્રેસ દ્વારા જનતા રેઈડ કરવામાં આવશે જેને ધ્યાને રાખીને રાજયના પોલીસ વડાએ તમામ જિલ્લાના પોલિસ વડાને તકેદારી રાખવા તથા જો જનતા રેઈડ સફળ થઈ તો સંબંધીત અમલદારની અક્ષમતા ગણી તેની સામે કાર્યવાહી કરવામાં આવશે તેવી સુચના આપી દીધી છે.

ભાજપના શાસનમાં ચાલતી અસામાજીક પ્રવૃત્તિઓ ખુલ્લી પાડવા રાજયભરમાં દારૂ-જુગારના અડ્ડાઓ પર મહિલા કોંગ્રેસ દ્વારા જનતા રેઈડ કરવામાં આવશે તેવી જાહેરાત ગુજરાત કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ કરી છે. ૯ ઓગષ્ટે મહિલા કોંગ્રેસ વિવિધ અડ્ડાઓ પર દરોડા પાડશે. કોંગ્રેસની આ જાહેરાતથી પોલીસ હરકતમાં આવી ગઈ છે. અને દારૂ-જુગારના અડ્ડાઓ બંધ કરવા તજવીજ શરુ કરી દેવાઈ છે.રાજય પોલીસ વડાએ તમામ જિલ્લાના પોલીસ વડાને સુચના આપી દીધી છે કે તેમના વિસ્તારમાં અગર કોઈ જનતા રેઈડ સફળ થશે તો તેની ગંભીર નોંધ લઈ અમલદારની અક્ષમતા ગણવામાં આવશે. જેથી આ બાબતે યોગ્ય કાર્યવાહી અને તકેદારી રાખવા લેખીતમાં સુચના આપવી પડી છે.

# ૨.૫૫ લાખ પગરખાનુ વિતરણ શહેર વસાહત મહામંડળનો અનોખો વર્લ્ડ રેકોર્ડ

## શહેર વસાહત મહામંડળ દ્વારા સતત ૨૪ વર્ષ સુધી બળબળતી બપોરે ઉઘાડપગાને ચરણ સેવા પુરી પાડવામાં આવી મહામંડળના પ્રમુખ અરૂણ બુચનો વર્લ્ડ રેકોર્ડ

ગાંધીનગર તા ૭

ગાંધીનગર શહેર વસાહત મહામંડળને વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડીયામાં સ્થાન મળ્યુ છે. જરૂરિયાતમંદોને ધામધખતા તાપમાં પગ રક્ષણ પુરુ પાડવાની ઉમદા કામગીરી બદલ મહામંડળના પ્રમુખ અરૂણ બુચને આ એવાર્ડથી નવાજવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ વર્ષમાં મહામંડળ દ્વારા ૨.૫૫ લાખ પગરખાંનું વિતરણ કરવામાં આવ્યુ છે. જેની નોંધ લઈ વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડીયાએ તેમને પ્રમાણપત્ર તેમજ મેડલ એનાયત કરી વિશ્વ રેકર્ડમાં સ્થાન આપ્યુ છે.



ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા નગરના પ્રશ્નોના નિરાકરણ માટે સતત લડત આપતી નગરની શુભ ચિંતક સંસ્થા છે. જયારે શહેરીજનોની સમસ્યાને ડામવા ઉપરાંત સેવાના ઉમદા કાર્યો પણ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. જેમાં સંસ્થાની પક્ષી પરબ સેવાની સરાહના પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામજીએ પણ કરી હતી. શહેર વસાહત મહામંડળ દ્વારા અમદાવાદની સંસ્થા સદવિચાર પરિવારના સંચાલક હરિભાઈ પંચાલ સાથે રહી વર્ષ ૧૯૮૭ થી ૧૯૯૦ દરમિયાન પગરખા વિતરણની સેવા શરૂ કરી હતી. આ દરમિયાન ૬૦ હજાર જેટલા જુના પગરખા રીપેર કરાવી જરૂરિયાતમંદો સુધી પહોંચાડવાનુ કામ કર્યુ હતુ. ત્યારબાદ મહામંડળ દ્વારા વર્ષ ૧૯૯૧ થી નવા પગરખાની પૈર જ આપવાનો નિર્ણય લેવાયો હતો. વસાહત મહામંડળની આ પ્રવૃતિમાં પ્રમુખ અરૂણ બુચ,મયુર વ્યાસ ,શશીકાંત મોઢા, કીશોર જીકાદરા, સુધીર દેસાઈ,ભાલચંદ્ર શુકલ નિસર્ગ બુચ તેમજ લતાબેન ચોકસી સહીત સેકટરવાસીઓએ પણ સહયોગ પુરુ પાડયો હતો. આ દરમિયાન સંસ્થા દ્વારા ગાંધીનગરના વિકાસ કામોમાં શ્રમ કરતા મજુરો ઉપરાંત નગરની શાળાના બાળકો તેમજ સાબરકાંઠા અરવલ્લી, દાહોદ બનાસકાંઠા તેમજ સરહદી વિસ્તાર સહિત ૩૯ જેટલી શાળાઓના બાળકોને પણ પગરક્ષણ પુરુ પાડવામાં આવ્યુ હતુ. સંત સરોવરનુ કામ કરતા શ્રમિકોને પણ પગરખા પહેરાવી મહામંડળે માનવતાની મિશાલ કાયમ કરી હતી. છેલ્લા ૨૪

● અનુસંધાન પાન-૬ પર

# આવતીકાલે ગાંધીનગરમાં રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી

## રવિવારે જ ચૂંટણીના પરિણામ જાહેર કરવા માટેની તૈયારી

ગાંધીનગર, તા.૭

ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને મહામંત્રીની મુદત પૂર્ણ થઈ રહી છે ત્યારે નવા પ્રમુખ અને મહામંત્રીની નિમણૂક માટે આગામી ૯મી ઓગસ્ટ રવિવારનાં રોજ ગાંધીનગરનાં ચાણક્ય ભવન સેકટર-૧૩ ખાતે યોજાશે. રવિવારે સવારે ૯થી બપોરના ૨ કલાક દરમિયાન મતદાન યોજાશે. તેમજ બપોર બાદ પરીણામ જાહેર કરી દેવામાં આવશે. ગુજરાતરાજય પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ પદની ચૂંટણીને લઈને અત્યારથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. પ્રમુખ પદ માટે જામનગરનાં દિગ્વિજયસિંહ જાડેજા અને ગીર સોમનાથના રામશી પંપાણીયા વચ્ચે મુખ્ય હરીફાઈ છે. જયારે મહામંત્રી પદ માટે સાબરકાંઠાના સતિષ પટેલ અને ગીરીશ પટેલ વચ્ચે મુખ્ય હરીફાઈ છે આ ચૂંટણીમાં રાજય પ્રાથમિક શિક્ષક સંઘની કારોબારીનાં ૪૬૩ સભ્યો મતદાન કરશે. છેલ્લા ઘણા સમયથી આ ચૂંટણીનાં પ્રચારનો ધમધમાટ ચાલી રહ્યા છે. કારણ કે ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘને રાજયનું સૌથી મોટુ કાર્મચાર સંગઠન માનવમાં આવે છે. જેમાં તાલકા, જિલ્લા રાજય, કક્ષાનાં હોદ્દેદારોનો સમાવેશ થાય છે. આ ચૂંટણીમાં તમામ ઉમેદવારો દ્વારા વિજય મેળવવા માટે એડીચોટી નો પ્રચાર કરવામાં આવી રહ્યો છે. જેનાં પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા અને મહામંત્રી સતિષ પટેલની પેનલ છે તો સામે પ્રમુખ રામશી પંપાણીયા મહામંત્રી ગીરીશ પટેલની પેનલ છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખને બોર્ડનાં અધીકારી સમકક્ષ સુવિધાઓ મળે છે. જેનાં કારણે આગામી રવિવારે યોજાનાર રાજય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અનો મહામંત્રીની ચૂંટણી ભારે રસાકસી પૂર્ણ બની રહે તેવી શકયતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.



### બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી પ્રહલાદભાઈ નાથાલાલ પુરોહિતનું દુઃખદ અવસાન તા. ૫-૮-૨૦૧૫ ના રોજ થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૮-૮-૨૦૧૫ ને શનિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે રાખેલ છે. તેઓનું દસમું તા. ૧૪-૮-૨૦૧૫ ને શુક્રવારે રાખેલ છે. તેમજ તેમનું કારજ તા. ૧૬-૮-૨૦૧૫ ને રવિવારના રોજ રાખેલ છે.

**સ્થળ**

૨૨૩/૪, નવરચના સોસાયટી, કોર્પોરેશન બેંક પાસે, ઘ-૬ કોર્નર, સેક્ટર-૨૮, ગાંધીનગર.

**લિ.**

ગૌતમ પ્રહલાદભાઈ પુરોહિત
હિતેશ પ્રહલાદભાઈ પુરોહિત
નીલા કમલેશકુમાર ઠાકર (પુત્રી)


• સાસરીપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે/સમયે રાખેલ છે.





REQUIRED
STOCK MARKET LEADER
FOR NEW OFFICE
•Equity/Commodity Dealer : 2 Post
•Front Office Asst : 1 Post
0 to 3 yrs experience.
Deserving candidate will get best salary package.
Walk with full CV.
F-13 & 14, Megh Malhar, Sec.11, Opp. CNG Pump, G'nagar.
M. : 9974703401
mail : bestboi123@gmail.com

ટચુકડી જાહેર ખબર
માત્ર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧



શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT · KisaN · ashirvad · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com